# ઇરિગેશન અને ડ્રેનેજ ઈજનેરી વિભાગ

## કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજ
## આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા

## "જળસ્ત્રાવનુ વ્યવસ્થાપન: જળસંચય અને જળસંચય માટેના સ્ટ્રક્ચરોની મરામત"

વિષય અંતર્ગત તા.૧૪/૦૮/૨૦૧૮ ના રોજ એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજવામા આવ્યો

ઇરિગેશન અને ડ્રેનેજ ઈજનેરી વિભાગ, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા, ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ, દાહોદ તથા ઇન્ડો-જર્મન વોટરશેડ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, NABARD ના સંયુક્ત ઉપક્રમે આચાર્ય અને ડીનશ્રી, ડો. આર. સુબૈયાની અધ્યક્ષતામા તા.૧૪/૦૮/૨૦૧૮ના રોજ **"જળસ્ત્રાવનુ વ્યવસ્થાપન: જળસંચય અને જળસંચય માટેના સ્ટ્રક્ચરોની મરામત"** વિષય પર કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, ગોધરાના સેમિનાર હોલ ખાતે એક દિવસીય ખેડુત તાલીમ કાર્યક્રમ યોજવામા આવ્યો હતો. ઇરિગેશન અને ડ્રેનેજ ઈજનેરી વિભાગના વડાશ્રી. ડો. એમ. કે. તિવારીએ સર્વે આમંત્રિત મહેમાનોને શાબ્દિક પ્રવચન અને પુષ્પગુચ્છથી સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. કાર્યક્રમમા મુખ્ય મહેમાન તરીકે ઇન્ડો-જર્મન વોટરશેડ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ, દાહોદના વડાશ્રી. આર. વી. દવે સાહેબે પ્રાસંગિક ઉદબોધન આપ્યુ અને ઓછી જમીનમા કુદરતી સંશાધનો સાથે વિજ્ઞાન અને ટેક્નોલૉજીનો સહભાગીદારી અને સંગઠનથી કેવી રીતે સદઉપયોગ કરવો તથા જળસંચય માટેના સ્ટ્રક્ચરોની મરામત સંગઠનથી કેવી રીતે કરવી તે જણાવ્યુ. ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ, દાહોદના પ્રોગ્રામ ઓફિસર શ્રી હીરક ચાપાનેરી દ્વારા જળસંચય માટેના સ્ટ્રક્ચરો જેવા કે ગલીપ્લગ, માટીના પાળા, ચેકડેમની જાળવણી કેવી રીતે કરવી તેની માહિતી આપી હતી. આચાર્ય અને ડીનશ્રી ડો. આર. સુબૈયાએ જળસ્ત્રાવ યોજનાનુ ઉદગમથી લઈ જળસ્ત્રાવ યોજનામાં આવેલા પરીવર્તન તથા આયોજન, ભાગીદારી અને દેખરેખથી જળસ્ત્રાવ વ્યવસ્થાપન કેવી રીતે કરવું તેની માહિતી આપી તથા છત પરના પાણીનો સંચય, ઊંડીખેડ, મલ્ચિંગ, સોલર પંપ, ટપક સિંચાઇ પદ્ધતિ તથા ભુગર્ભસ્થિત ટપક સિંચાઇ પદ્ધતિને અપનાવી ખેડુંતોનુ જીવન ધોરણ ઊંચુ લાવવા પર સુચન કર્યું હતુ.

સદર તાલીમ કાર્યક્રમમા ડો. એમ. કે. તિવારી, શ્રી આર. વિ. દવે, શ્રી. હીરક ચાપાનેરી, ઈજ. એસ.જે.પારગી તથા ઈજ. નીરવ પંપાણીયા દ્વારા "જળસ્ત્રાવના વ્યવસ્થાપનમા ભાગીદારી અને સહકાર દ્વારા કૃષિનુ આધુનિકીકરણ, જલસ્ત્રાવ વિકાસ અને કુદરતી સંશાધનનુ વ્યવસ્થાપન, સિંચાઇ પદ્ધતિની પસંદગી, ખારા અને ક્ષારવાળા પાણીનો ખેતીમા ઉપયોગ, ખેતીમાં વરસાદી પાણીનુ વ્યવસ્થાપન" વગેરે વિષયો વિસ્તૃત માર્ગદર્શન તથા માહિતી આપવામાં આવી હતી. ખેડુતોને કૃષિ ઈજનેરી અને ટેક્નોલોજી કોલેજના વિવિધ વિભાગોની મુલાકાત લેવડાવી ખેતીમા ઉપયોગી સાધનોથી માહિતીગાર કરવામા આવ્યા. કાર્યક્રમના અંતમા ઇરિગેશન અને ડ્રેનેજ ઈજનેરી વિભાગના સિનિયર રિસર્ચ આસિસ્ટન્ટ ઈજ. એસ.જે.પારગીએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.


ખેડુત તાલીમ કાર્યક્રમ
ITRA








આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય
કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ
AAU
ખેડુત તાલીમ કાર્યક્રમ
તારીખ : ૧૪/૦૮/૨૦૧૮
Gramin Vikas Trust (GVT)
ITRA | Information Technology Research Academy